# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11/10/2025** **Morning : 7.10 to 7.20**
**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **રાષ્ટ્રપતિ આજે દ્વારકાધિશના દર્શન કરશે - ગૂજરાત વિદ્યાપીઠના દીક્ષાંત સમારોહમાં હાજરી આપશે.**
2. **રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ ગઈકાલે સાસણ ગીર ખાતે સ્થાનિક આદિવાસી સમુદાયના લોકો સાથે સંવાદ કર્યો.**
3. **રાજકોટમાં આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ 194 કરોડના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરશે.**
4. **કેન્દ્ર શાસિત પ્રદેશ દમણ દીવ અને દાદરા નગર હવેલીમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણી પાંચમી નવેમ્બરે યોજાશે**
5. **સરદાર સાહેબની 150મી જન્મજયંતી નિમિત્તે કરમસદથી કેવડીયા રાષ્રીર્ય યાત્રાનું આયોજન.**
6. **અમદાવાદના ટ્રાન્સસ્ટેડિયા સ્ટેડિયમ ખાતે 70મો ફિલ્મફેર – 2025 એવોર્ડ સમારંભ યોજાશે.**

---------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# PRESIDENT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ગુજરાત પ્રવાસના અંતિમ દિવસે આજે જગતમંદિરમાં દ્વારકાધીશ ભગવાનના દર્શન કરશે. ત્યારબાદ રાષ્ટ્રપતિ અમદાવાદમાં ગૂજરાત વિદ્યાપીઠના 71માં દીક્ષાંત સમારોહમાં પણ હાજરી આપશે. આ વર્ષે કુલ 713 વિદ્યાર્થીઓને પદવી એનાયત થશે. 9 વિદ્યાર્થીઓને ચંદ્રક એનાયત કરાશે.

ઉલ્લેખનીય છે કે, ગાંધીજી દ્વારા 18 ઓક્ટોબર 1920ના રોજ ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના કરાઈ હતી.

---

# PRESIDENT MURMU JUNAGADH VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ ગઈકાલે જુનાગઢના પ્રવાસ દરમિયાન સાસણ ગીર ખાતે સ્થાનિક આદિવાસી સમુદાયના લોકો સાથે સંવાદ કર્યો હતો.

સુશ્રી મુર્મૂએ કહ્યું, તમામ આદિવાસી સમુદાયના લોકો પ્રકૃતિ સાથે સમન્વય બનાવીને જીવન નિર્વાહ કરે છે. તેમનું જીવન દેશવાસીઓને વાતાવરણ અનુકુળ પદ્ધતિ અપનાવવા પ્રેરણા આપી રહ્યું છે.

રાષ્ટ્રપતિએ આદિવાસી સમુદાયના લોકોને સમય સાથે આગળ વધવાની પણ સલાહ આપી. તેમણે બાળકોને ભણાવવા તેમજ સમયની સાથે દરેક વસ્તુઓને અપનાવવા તેમજ દેશના વિકાસમાં યોગદાન આપવા લોકોને અનુરોધ કર્યો.

**(BYTE: PRESIDENT DROUPADI MURMU)**

આ પહેલા રાષ્ટ્રપતિએ સાસણમાં સિંહ દર્શન કર્યાં હતા. અગાઉ સવારે તેમણે સોમનાથ મંદિરમાં દર્શન કર્યાં હતાં.

---

## CM IN RAJKOT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે રાજકોટના પ્રવાસે જશે. શ્રી પટેલ કાલાવડ રોડ પર આવેલા સ્વામિનારાયણ મંદિરના યોગી સભા ગૃહમાં આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને આશરે રૂપિયા 194 કરોડના વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત કરશે. આ તકે ગ્રામ પંચાયત ઓક્ટ્રોય નાબૂદી પેટે વધારાના સહાયક અનુદાન તરીકે ગ્રામ પંચાયતોના સરપંચોને 21 કરોડ રૂપિયાના ચેકનું પણ વિતરણ કરશે.

રાજયસરકારના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં રાજયના કૃષિ મંત્રી રાઘવજી પટેલ , મેયર સહિત ધારાસભ્યો અને મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

---

## x DAMAN ELECTION

કેન્દ્ર શાસિત પ્રદેશ દમણ દીવ અને દાદરા નગર હવેલીમાં સ્થાનિક સ્વરાજ સંસ્થાઓની ચૂંટણી જાહેર કરવા આવી છે.

ચૂંટણી 5 નવેમ્બરના રોજ યોજશે., નામાંકન 17 ઓક્ટોમ્બર સુધી જમા કરવા આવશે. દાદરા નગર હવેલીમાં 20 ગ્રામ અને જિલા પંચાયત અને 15 નગર પાલિકા અને દમણમાં 16 જિલા અને ગ્રામ પંચાયત , 15 નગર પાલિકાના વોર્ડ , દીવ જીલ્લામાં 2 ગ્રામ અને જિલ્લા પંચાયતની ચૂંટણી યોજશે.

દાનહ અને દમણ દીવ  જિલ્લા પંચાયત અને નગર પાલિકા ચૂંટણીના ડિરેક્ટર નિખિલ દેસાઈએ  પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરી ચૂંટણી જાહેર કરી  હતી. ચૂંટણી જાહેર થતા આચાર સંહિતા લાગુ કરવામાં આવી છે.

બાઈટ : નિખિલ દેસાઈ (ડિરેક્ટર, પાલિકા અને પંચાયત ચૂંટણી )

---

## SARDAR UNITY MARCH

ભારતના લોહ પુરુષ, રાષ્ટ્રીય એકતાના પ્રતીક, સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે " સરદાર@150, યુનિટી માર્ચ"નું આયોજન કરવામાં આવ્યું છે.

કેન્દ્રીય મંત્રી ડો. મનસુખ માંડવિયાની અધ્યક્ષતામાં અને ગૃહ રાજ્ય મંત્ર હર્ષ સંઘવી અને ધારાસભ્ય  જીતુ વાઘાણીની ઉપસ્થિતિમાં રાજ્યના ઉચ્ચ અધિકારીઓ સાથે ગઇકાલે  ગાંધીનગર ખાતે બેઠક મળી હતી.

આ બેઠક બાદ ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ પત્રકાર પરિષદમાં વિગતો આપતા જણાવ્યું કે " સરદાર@150, યુનિટી માર્ચ"નું આયોજન તારીખ 1 થી 10 નવેમ્બર સુધી જિલ્લા સ્તરીય પદયાત્રા અને તારીખ 26  નવેમ્બરથી 6 ડિસેમ્બર સુધી રાષ્ટ્રીય પદયાત્રાનું આયોજન કરાયું છે.

'સરદાર@150 યુનિટી માર્ચ'ની રૂપરેખા વિશે શ્રી સંઘવીએ જણાવ્યું કે, તારીખ 6 ઓક્ટોબરના રોજ કેન્દ્રીય મંત્રી ડો. મનસુખ માંડવિયાએ ડિજિટલી આ અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો. જે અંતર્ગત MY Bharat પોર્ટલ પર 15થી 29 વર્ષના યુવાનો માટે સોશિયલ મીડિયા રીલ સ્પર્ધા, નિબંધ લેખન અને

'સરદાર@150 યંગ લીડર્સ પ્રોગ્રામ ક્વિઝ' જેવી ઓનલાઈન પ્રવૃત્તિઓ શરૂ થઈ ચૂકી છે. આ સ્પર્ધાના 150 વિજેતાઓને રાષ્ટ્રીય પદયાત્રામાં જોડાવવાની તક મળશે.

## BYTE -HARSH SANGHVI

---

## FILMFARE AWARD

અમદાવાદના ટ્રાન્સસ્ટેડિયા સ્ટેડિયમ ખાતે આજે 70મો ફિલ્મફેર – 2025 એવોર્ડ સમારંભ યોજાશે.

ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા આયોજિત આ ફિલ્મફેર એવોર્ડ સમારંભ અમદાવાદ શહેરમાં કાંકરિયા પાસે એક્કા એરેના ક્લબ ટ્રાન્સટેડિયા સ્ટેડિયમ ખાતે યોજાનાર છે. જેમાં ફિલ્મ અને મનોરંજન જગતને લગતી જાણીતી હસ્તીઓ અને ફિલ્મ કલાકારો, પ્રોડ્યુસર, ડાયરેક્ટર તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહેશે. ઉલ્લેખનીય છે કે, સતત બીજીવાર ગુજરાતમાં ફિલ્મફેર એવોર્ડ સમારંભનું આયોજન થયું છે.

આ કાર્યક્રમ દરમ્યાન કેટલાક માર્ગ પર ટ્રાફિક થવાની સંભાવનાના કારણે અમદાવાદ પોલીસ દ્વારા વાહનોની અવર-જવર માટે પ્રતિબંધ અને વૈકલ્પિક માર્ગ જાહેર કરવામાં આવ્યા છે.

---

## WEATHER

રાજ્યમાં હવે ચોમાસાની ઋતુની વિદાયની ગતિવિધિઓ શરૂ થઈ ગઈ છે. હવામાન વિભાગ દ્વારા જાહેર કરેલી માહિતી અનુસાર, હવે રાજ્યનું વાતાવરણ મુખ્યત્વે સૂકું રહેવાની સંભાવના છે.

હવામાન વિભાગના મતે, ઓક્ટોબર મહિના દરમિયાન પૂર્વ મધ્ય, ઉત્તર અને દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતાં નીચું રહેવાની શક્યતા છે, જે રાજ્યના લોકોને ગરમીથી આંશિક રાહત આપશે.

જોકે, સંપૂર્ણ વિદાય પહેલાં, આગામી બે દિવસ સુધી છૂટાછવાયા વરસાદની શક્યતા છે. 11 અને 12 ઓક્ટોબર દરમિયાન દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના દક્ષિણ ભાગોમાં સામાન્ય ઝાપટાં વરસી શકે છે. આ સિવાય રાજ્યમાં હાલ કોઈ નોંધપાત્ર વરસાદની આગાહી નથી.

ચોમાસાની ઔપચારિક વિદાય સાથે જ રાજ્યમાં ધીમે ધીમે ઠંડીની શરૂઆત થશે.

---

## MERA DESH PAHELE

ગુજરાતમાં ગિફ્ટ સિટી ગાંધીનગર ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આકાર લઈ રહેલા નવા ભારતના રૂપાંતરણની એક અનોખી કહાની “મેરા દેશ પહેલે”નો સૌપ્રથમ શો યોજાયો

શ્રી મોદીએ હંમેશા રાષ્ટ્રહિત સર્વોપરી રાખીને પોતાનું જીવન રાષ્ટ્રને સમર્પિત કરેલું છે. “મેરા દેશ પહેલે” મોદીની એ અદ્વિતિય સફરને મેગા શો દ્વારા જીવંત કરે છે

આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ રાજ્યના મંત્રીમંડળ સભ્યો રાજ્યના ઉચ્ચ અધિકારી, આઈએએસ, આઈપીએસ, ધારાસભ્ય સહિતના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા.

---

## VIKAS SAPTHA-DISTRICT

રાજ્યભરમાં વિકાસ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે વિવિધ જિલ્લામાં વિવિધ કાર્યક્રમ યોજાઇ રહ્યા છે. જેના ભાગરૂપે રાજકોટ જિલ્લાના સરપદડ ગામમાં વિકાસ રથ પહોંચ્યો હતો. આ કાર્યક્રમમાં પોષણ દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં આંગણવાડી બહેનોએ ટેક હોમ રાશન, સરગવા અને મિલેટમાંથી બનાવેલી વિવિધ વાનગીઓનું નિદર્શન કરવામાં આવ્યું હતું.

ભરૂચ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા શક્તિનાથ સર્કલથી માતરિયા તળાવ સુધી 'વિકાસ પદયાત્રા'નું સફળ આયોજન કરવામાં આવ્યું. આ પદયાત્રામાં 'વોકલ ફોર લોકલ ' જેવા મહત્વના મુદ્દે જનજાગૃતિ ફેલાવવામાં આવી. વિકાસ સપ્તાહની ઉજવણી નિમિત્તે શહેરીજનોએ ‘ભારત વિકાસ પ્રતિજ્ઞા’ પણ લીધી હતી.

રાજ્યકક્ષાના વન મંત્રી મુકેશ પટેલના અધ્યક્ષસ્થાને વલસાડના કપરાડા ખાતે વિકાસ સપ્તાહની ઉજવણી કરાઈ. આ પ્રસંગે ટીબીના નિદાન માટે 9 લાખ 50 હજાર રૂપિયાના ખર્ચે અત્યાધુનિક ટ્રુ નાટ મશીનની સુવિધા કપરાડા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ઉપલબ્ધ કરાવાઈ.

---

## RAJKOT ITI

રાજકોટના કોટડા સાંગાણીની સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થામાં  ધોરણ 8 અને 10 પાસ વિદ્યાર્થીઓ જે વિવિધ કોર્ષમાં પ્રવેશ મેળવવા માંગતા હોય તે અરજી કરી શકશે.

ધોરણ 10 પાસ વિદ્યાર્થીઓ મિકેનીક ડીઝલ, ફીટર, કોમ્પ્યુટર કોર્ષ તથા ધો.-8 પાસ વિદ્યાર્થીઓ વેલ્ડર કોર્ષમા 17 ઓક્ટોબર સુધી પ્રવેશ મેળવી શકશે. પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવારો વધુ માહિતી માટે રૂબરૂ જઈ શકે છે અથવા  (શૂન્ય બે આઠ બે સાત – બે સાત છ શૂન્ય પાંચ શૂન્ય) નંબર પર સંપર્ક કરી શકે છે.

---